# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

ખૂટલ મુજાહીદ્દીન ઐક્ય ખોટકાવે છે,
કરી છળકપટ ન્યાયને અટકાવે છે,
છટકાવે છે સમાજની શાંતિ કટ્ટરતા -
આતંકી ભટકલ કોર્ટને ભટકાવે છે
("હું યાસીન ભટકલ નથી")

## હાઈકુ

મેલો તાંત્રિક!
રમે તંત્ર સાથે ય -
મેલી રમત!

'વિરોધ પક્ષ!'
વુડાના વિવાદમાં -
મેરી બી ચૂપ!!

## ચિંતન

**આકાશ મુત્પતતુ ગચ્છતુ વ દિગન્ત મમ્ભો નિધિં વિશતુ તિષ્ઠતુ વા યથેચ્છમ્ ।**
**જન્માન્તરાર્જિત શુભાશુભ કૃન્ન રાણાં છાયેવ ન ત્યજતિ કર્મ ફલાનુબંધ : ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ : 'નશીબનો મહિમા'નો આ શ્લોક છે :

'ભલે, આકાશમાં ઉડી જાવ, દિશાઓના છેડે પહોંચી જાવ, અને સમુદ્રના તળિયે પણ ભલે પહોંચી જાવ, કે પછી તમારૂં મન માને ત્યાં છો ને રહો! પરંતુ મનુષ્યોએ કરેલાં જન્મજન્માંતર ના કર્મો (-પછી સત્કર્મો હોય કે દુષ્કર્મો) શુભ કે અશુભ કર્મો - ના કરેલાં કર્મફ્લોનો સંબંધ મનુષ્યની છાયા બનીને એની સાથે જ રહે છે અર્થાત કર્મફળ માનવીનો પીછો છોડતું નથી..'

રામચરિત માનસમાં કવિ તુલસીદાસજીએ પણ કહ્યું છે,

**ભરદ્વાજ સુનુ જાહિ જબ હોઇ બિધાતા બામ । ધૂરિ મેરૂ સમ જનક જમ તાહિ બ્યાલ સમ દામ્ ॥**

યાજ્ઞવલ્ક્ય્ મુનિ ભરદ્વાજ મુનિને કહે છે કે : માણસનું જયારે ભાગ્ય-વિધિ વિપરીત બને છે ત્યારે પગ નીચે કચડાતી ધૂળ પણ એને મેરૂ સમાન લાગે છે. પિતા યમ જેવો લાગે છે અને સૂરતની દોરડી સર્પ જેવી લાગે છે!

અવકાશી સુનિલા અવકાશમાં ખોવાઇ ગઇ, ટાઇટેનિકના યાત્રિકો સમુદ્રતલમાં, મૃત્યુ કોનું કયારે કોને કયાં લઇ જાય છે એની કોને ખબર છે?

## સુવિચાર

- જગતમાં બીજાને માટે કંઇ કરી જનારાઓ જ અમર રહ્યા છે, ઇતિહાસને ચોપડે કદી લોભી પુરૂષોના નામ લખાયા નથી **- કાન્તિ ભટ્ટ**
- જીભ પરનો સંયમ માણસ જયારે મેળવે છે ત્યારે તેના અંતરમાં એવા પ્રકારની એક શક્તિ પેદા થાય છે કે જેને લીધે એનું કાર્ય વધુને વધુ આગળ ધપતું જાય છે- **સુભાષિત**
- **કોઇ દાનવીરે દાન કરવાથી જ દેવાળું કાઢ્યું હોય એવું કદી બન્યું નથી- બીલ ગેટ્સ**
- પારકાને પોતાના બનાવી લેવા એ એક કળા છે, પણ એ કળા શીખવા માટેનાં પુસ્તકો નથી મળતાં, કે તેના માટેની નિશાળો નથી એને માટે અંતરમાં તપાસ કરવી પડે છે અને ત્યાગનો માર્ગ શોધી કાઢવો પડે છે **- ફાધર વાલેસ**
- જયાં ડૂબવાનો ભય છે ત્યાં જ તરી જવાની આશા પ્રબળ છે **- વજુ કોટક**
- જવાની એની જ ટકી રહે છે, જેનામાં આગળ વધવાની સદા તમન્ના રહે છે **- સુરેશ દલાલ**
- હે નાવિક, જો તમે કિનારો નહીં છોડો તો સાચે જ એક દિવસ સાગર તમારા પાસે દોડી આવશે.. પણ જો કિનારો છોડી દેશો તો પછી સાગર કંઇ તમને શોધવા નહીં આવે **- સંત ઓગસ્ટીન**

## બોધ કથા

૧૯૩૯ થી ૧૯૪૪ સુધી બીજું વિશ્વયુદ્ધ થયું હતું. લગભગ આખું વિશ્વ એમાં સંડોવાઇ ગયું હતું. બધા રાષ્ટ્રોને પોતાના કારણ-દ્વેષ-વૈરભાવ હતા. એમાં હજારો બાળકો નિરાધાર થયાં. એમાં, સ્વીટ્ઝરલેન્ડના એક સાહિત્યકારને વિચાર આવ્યો. દુનિયાના આવાં બાળકો પોતાના-રાષ્ટ્રના અંગત વેરઝેર ભૂલી એક સાથે રહે, અને વિશ્વ નાગરિક બને તો કેવું સારૂં.

આ વિચારના અમલ માટે એણે એક ગામ વસાવ્યું એનું નામ રાખ્યું - પેસ્તાલોઝી બાળગ્રામ. લોકફાળાથી શરૂ થયેલ આ આખુંય ગામ માત્ર નિરાધાર બાળકોનું જ...

બાળકો અહીં રહી ભણે-ગણે અને વિશ્વબંધુત્વની ભાવના સાથે મોટા થાય. આજે પણ આ ગામ ચાલે છે હવે એમાં વિશ્વભરના અનાથ બાળકોને પ્રવેશ મળે છે..

આની સાથે ૨૦૦૧ માં કચ્છના ધરતીકંપ પછી ભૂજમાં એક યોગ સંસ્થા દ્વારા ધરતીકંપમાં અનાથ થયેલાં બાળકોને દત્તક લીધાં અને એમને રહેવા-ભણવાની વ્યવસ્થા-જવાબદારી ઉપાડી લીધી.

આજે આ બાળકો ધો.૧૦ પાસ કરી હવે મુંગેર આશ્રમની યોગ યુનિવર્સિટીમાં વિશેષ અભ્યાસ માટે જવાના છે.. સમાજની જવાબદારી સમાજે ઉપાડી લેવી જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઘણી વખત આપણે જોઈએ છીએ ગાડી કે સ્કૂટર પાછળ ભસતા દોડે.... અને જયાં પોતાની હદ પુરી થાય, પાછા વળી જાય, ગાડી તો આગળ વધે પણ ભસતા કૂતરાં પાછા પડતા જાય, બસ આવું તો ચાલ્યા કરે

## એક ન કચડાયેલ ગલુડિયાની કથા


- અનંત ન. વ્યાસ

"હે દાદા" આ દિગ્ગી બાપુના ગલુડિયાને મોદીજીના ડ્રાઇવરે કચડી નાખ્યું ને બાપુ તે ડ્રાઇવરને ભડાકે દેવાના છે તે વાત સાચી? મારા પૌત્રે પૂછ્યું. "ના ભાઇ, પણ આવું કોણ કહે છે, હજી કયાં કોઇ ગલુડિયું કચડાયું છે?"

દાદા મારા મિત્રો કહે છે. ગલુડિયું કચડાઇ ગયું. તેનું મોદી સાહેબને દુઃખ થયેલું. એ એવું બોલેલા... બાળકની વાત સાંભળી હસવું આવ્યું. કેવી વાત ને કેવો વળાંક. 'એકાંદ ગલુડિયું પણ જો કચડાઇ જાય તો મને દુ:ખ થાય.' તેવી સંવેદનાભરી વાણી પણ ન સમજાણી... મેં બાળકને સમજાવ્યું, "ના, ભાઇ, હજી તો ગલુડિયું કચડાઇ નથી ગયું. આ મોદી સાહેબના ડ્રાઇવરો હોંશિયાર છે. ભરચક ટ્રાફિકમાં દેશભરમાં મોદીની ગાડી કેવી દોડાવે છે. અને જો, આ દિગ્ગીબાપુ આપણા કાઠિયાવાડના બાપુ નથી કે વાત - વાતમાં તલવારો તાણે." એ તો શાણા છે. સજ્જન છે. પરદેશમાં ભણેલા છે ને વળી અહીં પંડિતોનો સાથ છે. એ કોઇને ભડાકે ન દે... હા એમની પદ્ધતિ જરા જુદી...



બાકી આ મોદી સાહેબનું કંઇ કહેવાય નહીં. તેની વાણી સમજવામાં અઘરી પડે તેવી. કહેવત છે સ્ત્રીની 'ના'માં 'હા' હોય છે. તેમ આ મોદી સાહેબને ગલુડિયું ન કચડાઇ ગયું તેનું દુ:ખ તો નહિ થયું હોય ને... માળું, મારી હડફેટે પડે ને પાછું સલામત રહે... એમ...? આ કેમ કહેવાય... ખાનગીમાં ડ્રાઇવરને પણ ધમકાવ્યો હશે. આટલા વખતથી મારી ગાડી હાંકે છે તોય ભાન નથી. હડફેટે ચઢ્યા પછી કોઇ સલામત રહે... ના...' તુરંત ડ્રાઇવરને છુટ્ટી મળી હશે, ને તેની જગાએ અમીતભાઇ જેવા હોંશિયારને કારોબારી સોંપી દીધો હશે...



બાકી દીગ્ગી બાપુનું મગજ વધારે વિચારશીલ ને ઊંડા ઉતરવામાં રસ... ગલુડિયું ભલે બચી ગયું પણ એ વખતે ગાડી કોણ ચલાવતું હતું? કદાચ મોડી ચલાવતા હશે... દિગ્ગી બાપુએ પાળેલી પોલીસને સંશોધનનું કામ સોંપી દીધું... જાવ ગુજરાત ને મોદી ગાડી ચલાવતા હતા તેના પુરાવો એકઠા કરો... તપાસનો ગાળિયો મજબૂત બનાવો. મોદીને કલીનચીટ ન મળે તેવો બંદોબસ્ત ગોઠવો. બેફામ ગાડી ચલાવવાનો ગુન્હો નોંધો... ચોકસાઇ ભરી તપાસ કરો. જરૂર પડે તો નેવેદનિયા મિત્રોને સાથમાં રાખો. મોદી વિરૂદ્ધ નિવેદનો માંડો ફટકારવા.

બાપુ પરદેશમાં ભણેલા તે સંશોધન - વૃત્તિ તો ભારોભાર. રોજ નવા નવા સંશોધન કરતા રહે... જે વાતનો કોઇને ઇસારો ન હોય ત્યાં બાપુ અદ્દ્ભૂત સંશોધન પ્રગટ કરે. માળા આ આર.એસ.એસ. વાળા... ગમે તેટલું છાનું રાખે પણ બાપુની નજરમાંથી બચે જ નહીને. આર.એસ.એસ.માં બોમ્બ બનાવાની તાલીમ અપાય છે તેની વાસ તેને દિલ્હીમાં આવી ગઇ. બાપુ રાત્રે સ્વપ્નામાં જે જુવે તે સવારે મિત્રોને કહે... ને પેલા મીડિયાવાળા... તુરત પ્રસિદ્ધ કરી દે...

રોજ નવા નવા નિશાન પાડે. કેવા અવનવા સંશોધન. લોકો ભલેને તુક્કા કહે... પણ એ તો બાપુના તુક્કા. પહેલાં પાને હેડલાઇનમાં છપાય ન છાપે તો... જાહેરાતો મળતી બંધ થાય તેવી વક્કી ખરી. ઠીક છે મારા ભઇ - છાપામાં ખાલી જગા ભરાય. નવરા માણસોને મનોરંજન મળે... મીડિયાવાળાને તો માત્ર અંગૂઠો જોઇએ. રાવણ આપોઆપ ચીતરાઇ જાય... ને બાપુ તો એવા સરળષ પેટમાં વાત ન રહે... ભળે ને ઉપરવાળા ના પાડે... પણ આ તો 'ખલકે' ખીલા હેઠ - નવસો નવ્વાણું રોકડા' ની જેમ રાત-દિવસ સંઘનો ત્રાસ દેખાયા કરે, બિચારી ગુજરાતની ગરીબ પ્રજા પર આ હિટલરશાહી... મંડો ભાંડવા... સાચું ખોટું કોણ જુએ છે... ને વાઘને કોણ કહે કે તારૂં મોંઢું ગંધાય છે...કેમ ઉપમા ન ગમી?' તો પેલી બકરીની વાર્તા યાદ કરો. મોટાનો ઓથ લઇ બેઠી તો હાથી પર ચડી. બાપુએ ઓય મોટી. વડલો ઘેઘુરને છાંયો દેશભરમાં ફેલાયેલો... ને બાપુ તેની છાંયામાં બેસી હિલ્લોળા કરે.

બિચારી ગુજરાતની રોકડી પ્રજાની વહારે ચડવું પડે. ગલુડિયાની વાતને વાયરે ચઢાવી. મદદે આવ્યા કહેવાતા બુદ્ધિજીવીઓ... ગલુડિયું તો રૂપક પણ પામ્યું. પ્રતિક ગણાયું. કોઇને લઘુમતિનું પ્રતિક લાગ્યું તો કોઇને શોષાતી મહિલાનું પ્રતિક લાગ્યું. ગુજરાતની પ્રજાની દયા ખાવાનો ક્રેઝ ઊભો થઇ ગયો. આ મોદી તો હિટલરશાહી જ ચલાવે છે. આ તો માણસ છે કે કોઇ દેવ. આ માણસનો પડછાયો રોજ રોજ વધતો જાય છે. કદાચ દેશભરમાં ફેલાય જશે. અરે કોઇ સૂરજ આડા હાથ દો... પડછાયો ન પડે. કોઇક તો દોડો...ને દોડનારા પણ માળા નીકળી પડ્યા. ઘરનું આદુ ખાઇને તો... ના કોઇ ઘરનું ખાય તેવા નથી. પણ પ્રજામાં જેનો દોકડો ન ઉપજે. જેણે ગુજરાત જોયું નથી તેવા બધા બાપુ સાથે ઢોલ વગાડવા મંડ્યા છે અને તેમાં છેલ્લા ભળ્યા પેલા ઉત્તર પ્રદેશ વાળા આજમખાન. 'ઉત્તર પ્રદેશને ગુજરાત નહિ બનવા દેવાય.' વાહ ભાઇ શી વાત... ગુજરાત જેવું બનવાની તા આઘે રહી. ગુજરાતમાં પેગડામાં પગ તો નાખી જુઓ... ગુજરાતનો વિકાસ ભલે તમને ન દેખાય. તમારા રાજયને તો તપાસો. પોચા એવા કેન્દ્રને ઘોંચ - પરોણા કરો છો. વારંવાર ફેરવી તોળો છો તે વિશ્વાસપાત્ર કેટલાં. પણ બિચારા આજમખાન જયાં માત્ર લઘુમતિ કલ્યાણ નામે મત બેન્કની વાત થતી હોય ત્યાં સાચું કયાંથી સુઝે... અને કદાચ જો ઉત્તર પ્રદેશનો ગુજરાત જેવો વિકાસ થાય. ત્યાંની પ્રજામાં જાગૃતિ આવે. શિક્ષણ વધે તો આ બિચારા નેતાઓ કયાં જાય. વાત સાવ સાચી ઉત્તર પ્રદેશને ગુજરાત જેવું ન બનવા દેવાય.

ગલુડિયું કે મોટું કોઇ હજી તો નથી કચડાયું પણ જે પાટા પર મોદીની ગાડી દોડે છે તે પાટા પર આડા આવવું એ જાનનું જોખમ ગણાય. ઘણી વખત આપણે જોઇએ છીએ ગાડી કે સ્કૂટર પાછળ ભસતા દોડે.... અને જયાં પોતાની હદ પુરી થાય. પાછા વળી જાય. ગાડી તો આગળ વધે પણ ભસતા કૂતરાં પાછા પડતા જાય. બસ આવું તો ચાલ્યા કરે. સ્કૂટર કે બાઇક પર બેસનાર પગ ઊંચો લઇ લે. પણ ગાડીમાં બેસનારને તો આટલોય ડર નહિ. એ તો પોતાની ગતમાં ગાડી દોડાવે. મીરાંએ તો ગાયું છે "હાથી ચલત અપની ગત મેં.. જો..."

# નવા જમીન સંપાદક વિધેયક અંગે સમજૂતી (જમીન અધિગ્રહણ બિલ)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

તાજેતરમાં યુપીએ સરકારે ફૂડ ભીલ બાદ નવા જમીન સંપાદક વિધેયક પસાર કર્યું. આ બીલમાં ખેડૂતોની સમંતી - મંજૂરી વગર તેમની જમીન સંપાદન થઇ શકશે નહીં. તેમજ ખેડૂતોને તેમની જમીનના બદલામાં યોગ્ય અને વ્યાજબી વળતરની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કોઇ પણ જમીન ખેડૂતોની સંમતિ સિવાય બળજબરીથી સંપાદન થઇ શકશે નહીં લોકસભામાં આ ખરડો ૨૧૬ વિરૂદ્ધ ૧૯ મતોથી બહુમતિથી પસાર થઇ ગયો છે.

જમીન સંપાદન, પુનર્વસન અને પુન:સ્થાપનમાં વ્યાજબી વળતર ખેડૂતોને ચૂકવવામાં આવે અને પારદર્શિતાનો અધિકાર આ બિલમાં આપવામાં આવેલ છે. આ બિલમાં જાહેર ખાનગી ભાગીદારી (P.P.P.) ના પ્રોજેક્ટમાં ૭૦ ટકા સહમતી જયારે ખાનગી કંપની માટેની જમીનમાં ૮૦ ટકાની સહમતી અનિવાર્ય બનાવવામાં આવી છે.

દેશમાં અત્યાર સુધી ૧૮૯૪નું સંસ્થાનવાદ વખતનું જમીન સંપાદન બીલ અમલમાં હતું. જેની જોગવાઇઓનું આડેધડ અર્થઘટન મનફાવે તે રીતે મૂડીવાદીઓનાં તરફેણમાં માઇનીંગ કામકાજ માટે ઉદ્યોગ માટે તેમજ વ્યાપારી પ્રોજેક્ટ માટે ઉદ્યોગ માટે તેમજ વ્યાપારી પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવાના અધિકારો આપવામાં આવેલ હતા. જે ૧૯૯૦ થી અધિક ઉદારીકરણમાં આવેલ હતા. જે ૧૯૯૦થી અધિક ઉદારીકરણ અમલમાં મૂક્ય પછી મૂડીપતિઓ તેમજ કંપનીઓ દ્વારા મોટા પાયે ઉપજાઉ અને ખેતીલાયક જમીનો તેમના ઉપયોગ માટે ઓછી રકમમાં સંપાદન કરી ખેડૂતોને અન્યાય કરવામાં આવતો હતો.

૨૦૦૭ માં આ બીલ પસાર કરવાના પ્રયાસ બાદ પણ ગ્રામીણ વિકાસની સ્ટેન્ડીંગ કમિટિને વિચારણા માટે મોકલવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૨૫/૨/૦૯ માં લોકસભા દ્વારા પસાર કરાયેલા પણ સંસદની બેઠક પૂર્ણ થતાં તેને રાજયસભામાં મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. પરંતુ રાજયસભામાં મંજૂર કરી શકાયેલું નહોતું.

જમીન સંપાદન માટે લોકોનો જાહેર વિરોધ વધ્યો હતો જેની જમીન સંપાદિત કરાઇ હોય તેવા લોકોના પુનવર્સન માટેની યોજનનાઓ માત્ર કાગળ ઉપર જ હતી. તેમજ તેમની આજીવિકા છીનવાઇ ગઇ હતી. તેથી ૧૮૯૪ના કાયદામાં ધરખમ ફેરફારો કરવા આવશ્યક હતા. સમયની માંગ સાથે સરકારે યોગ્ય પગલું ભરેલ છે.

જુના કાયદામાં ધરખમ ફેરફાર કરી અને જમીન સંપાદન તેમજ રિસેટલમેન્ટ અને રિહેબીલેશન માટેની જોગવાઇઓમાં મોટા ફેરપાર કરેલ છે. તથા સંમતિ સંપાદનની જોગવાઇઓ અમલમાં લાવેલ છે.

સરકાર દ્વારા જાહેર હેતું માટે સંપાદિત જમીનનો હેતૂ ફેર કરવામાં આવતો નહોતો જે કિસ્સામાં પી.પી.પી. હેઠળ પ્રોજેક્ટ હાથ ધરવામાં જાહેર હેતૂ માટે ખાનગી કંપનીને જમીન સોંપવામાં આવે ત્યારે અસરગ્રસ્ત પરિવારમાંથી ૮૦ ટકા સભ્યોની મંજૂરી મેળવ્યા પછી જ જમીન સંપાદિત કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

ખાનગી કંપનીઓએ તેમના પ્રોજેક્ટ માટે ૧૦૦ એકર કે તેથી વધુ જમીન સંપાદિત કરવામાં આવી હોય કે જાહેર હેતુ માટે જમીનમાં આંશિક સંપાદન માટે સરકારનો સંપર્ક સાધવાનો હોય ત્યારે તેવા કિસ્સામાં રિહેબીલેશન અને રિસેટલમેન્ટની જોગવાઇઓ લાગુ પાડવામાં આવશે.

પ્રસ્તાવિત જમીન અધિગ્રણ ખરડામાં કાયદાની પેટા કલમમાં "જાહેર હેતુ" અને કંપની માટે શબ્દની જગ્યાએ "જાહેર ઉપયોગ માટે" વાપરવામાં આવશે. તેથી જાહેર ઉપયોગના કોઇ પણ પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણ કરવામાં આવશે.

જો કોઇ વ્યક્તિ કોર્પોરેશન સહિત કોઇ પણ પ્રોજેક્ટ માટે ૭૦ ટકા જમીન સંપાદિત કરે તો બાકીની ૩૦ ટકા જમીન સરકાર ખાલી કરાવી આપશે.

બહુમતી ધરાવતા લોકો તેમની જમીનનો હિસ્સો આપવા તૈયાર હશે તો લઘુમતી સંખ્યા ધરાવતા લોકો ફરજિયાત તેમની જમીન અધિગ્રહણ માટે સોંપી દેવી પડશે.

એન.એસ.સી.એ કરેલી ભલામણ અનુસાર અધિગ્રહણના કારણે પ્રભાવિત થયેલા પરિવારોને વળતર ચૂકવવામાં આવશે. આ વળતર નોંધાયેલા વેચાણ કરારના મૂલ્યના છ ગણા વધારે રકમ ચૂકવવામાં આવશે.

જે લોકોને અધિગ્રહણમાં જમીન ગુમાવી હોય તેમને ૩૩ વર્ષ સુધી લઘુત્તમ વેતન દરે મહિનામાં ૧૦ દિવસ રોજગારી પુરી પાડવામાં આવશે. જો આ લોકો ખાસ કૌશલ્ય ધરાવતાં હોય તો તેવાં ક્ષેત્રમાં રોજગારી આપવી પડશે.

જયાં સંપાદન કરવામાં આવી હોય ત્યાં સ્ટેમ્પ એક્ટ ૧૮૯૯ મુજબ રજીસ્ટ્રેશન થયેલી જમીનમાં વેચાણ કરારમાં દર્શાવેલી જમીનની ઓછામાં ઓછી કિંમત કે સરેરાશ કિંમત બેમાંથી વધારે હોય તે ચૂકવવી પડશે.

જમીન ઉપરનાં વૃક્ષો-કુવાઓ, બિલ્ડીંગ, પાક વિગેરેની આંકવામાં આવેલી કિંમતને ધ્યાનમાં લઇને કુલ વળતર ચૂકવવાનું રહેશે અથવા તો ત્રણસો ટકા પૂરેપુરૂં વળતર આપવાની જોગવાઇ છે.

શહેરી વિસ્તારમાં જમીનની કિંમત નક્કી કરેલા બજાર મૂલ્યથી બે ગણી કરતા ઓછી જ્યારે ગ્રામીણ વિસ્તારમાં મૂળ બજાર મૂલ્ય કરતા છ ગણાથી ઓછી રકમ ના હોવી જોઇએ એવી જોગવાઇ કરવામાં આવેલ છે. પરિણામે ખાનગી પ્રોજેક્ટને જમીન સંપાદન બજાર મૂલ્ય કરતા વધારે રકમ ચૂકવી જમીન મેળવવી પડશે જેનો સીધો લાભ જગતના તાત એવા ખેડૂતોને થશે.

# માતા સ્વરૂપે નારીની પૂજા મંદિરોમાં કે મૂર્તિ સ્વરૂપમાં થાય છે, પણ જીવતી જાગતી માતાને વૃદ્ધાશ્રમમાં મૂકવાના કે મિલકત ખાતર મારી નાખવા સુદ્ધાના બનાવો અવારનવાર વાંચવા - સાંભળવા મળે છે

## નારી તારા ઝૂઝવા રૂપ

- લક્ષ્મી એમ. વાધવાણી

નારીના કેટલાય સ્વરૂપો છે. નારી પુત્રી છે, ભગીની છે, પત્ની છે, માતા છે. દરેક સ્વરૂપે નારી પૂજનીય છે. પણ આજે સમાજમાં નારીનું સ્થાન અમુક ગ્રામ્ય વિસ્તારોમાં કે ફિલ્મોમાં આપણે જોઇએ છીએ તો નારીને એક સામાન તરીકે, મોજશોખના સાધન તરીકે આજે પણ ગણવામાં આવે છે એ રીતે એનો ઉપયોગ કરવામાં આવે છે. નારીએ તો યુગો પહેલાં પણ પુરૂષોને ચેતવવાનું કાર્ય કર્યું છે. એનો પુરાવો આજે પણ આપણે સૌ જાણીએ છીએ, જયારે રાવણ કે લંકાપતિ કહેવાતો, જે મોટો બ્રાહ્મણ અને મોટો રાજા કહેવાતો. તે જયારે એક વાર વેશ બદલતો હતો ને ભિખારીનો વેશ ધારણ કરતો હતો ત્યારે મંદોદરીએ તેને પૂછ્યું, મહારાજ, આ શું છે? આપ રાજા થઇને આ ભેખ ધારણ કરશો? લોકો શું કહેશે? મહારાજાધિરાજ આ વેશમાં, પણ એ તો કહો આ વેશ ધારણ કરવાનું કારણ શું છે? બહુ આગ્રહ બાદ રાવણે મંદોદરીને કહ્યું, "હું સીતાનું હરણ કરવા જાઉં છું." મંદોદરી હતાશ થઇ ગઇ પણ એણે હિંમત રાખીને રાજા રાવણને કહ્યું, "જુઓ રાજન, હજુ તો તમે આ વિચાર મનમાં લાવ્યા છો. ત્યાં જ તમે રાજામાંથી ભિખારી બન્યા તો વિચાર કરો જયારે આ વિચાર અમલમાં મૂકશો ત્યારે તમારી શું દશા થશે?" આમ, મહારાણી હોવા છતાં એક પત્નીધર્મ બજાવીને મંદોદરીએ ચેતવ્યા છતાં રાજા રાવણ ના માન્યા તો શું હાલ થયા તે આપણે સૌ જાણીએ છીએ.



ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, મધર,ટેરેસા, ઇંન્દિરા ગાંધી જેવા કંઇ કેટલાય ઉદાહરણો આપણી સમક્ષ છે. બ્રહ્માકુમારીઝની આખી સંસ્થા દાદી વહન કરી રહ્યા છે. કોઇ એવું ફિલ્ડ નથી જયાં સ્ત્રીઓ ના હોય. પછી તે ફિલ્મ લાઇન હોય કે ઉડ્ડયન લાઇન હોય, કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ જેવી નારીઓ અવકાશ યાત્રા કરી આવી. એટલે આમ જુઓ તો સ્ત્રીઓ પુરૂષ સમોવડી જ નહિ પુરૂષોથી પણ ચડિયાતી ગણાય. એક બાજુ જુઓ તો માતાજીઓની સૌથી વધુ પૂજા પુરૂષો જ કરતા હોય છે પછી તે અંબે મા હોય, મા દુર્ગા હોય, મેલડી માતા હોય, વિહત માતા હોય કે મા સરસ્વતી હોય યા તો માતા વૈશ્નોદેવી હોય. ટૂંકમાં, માતા સ્વરૂપે નારીની પૂજા મંદિરોમાં કે મૂર્તિ સ્વરૂપમાં થાય છે. પણ જીવતી જાગતી માતાને વૃદ્ધાશ્રમમાં મૂકવાના કે મિલકત ખાતર મારી નાખવા સુદ્ધાના બનાવો અવારનવાર વાંચવા - સાંભળવા મળે છે.

આજે પણ અમુક વિસ્તારોમાં દીકરીઓને દૂધપીતી કરવામાં આવે છે એટલે કે જન્મતાં જ મારી નાખવામાં આવે છે. કયાંક તો જન્મ પહેલાં જ ગર્ભમાં જ મારી નાખવામાં આવે છે તો કયાંક સતીપ્રથાના ઓથા હેઠળ પતિ સાથે સળગાવી દેવામાં આવે છે માટે જ તો ઘણા રાજયોની સરકારોએ આ પ્રથાઓ, આ કુરિવાજો અને આ પાપ બંધ કરવા માટે આજે પણ કડક કાયદાઓ ઘડવાની જરૂરિયાતો ઉપસ્થિત થાય છે.

જો કે દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ આ બાબતની પણ બે બાજુ છે. આપણે જોઇએ છીએ કે યુવતીઓ પોતે એવો પહેરવેશ પહેરે છે, એવું વર્તન પોતાનું રાખે છે જેથી યુવતો તો શું મોટી ઉંમરના પુરૂષો પણ ખરાબ નજર નાખતા ખચકાય નહી, પોતાના વધુ પડતા શોખ અને મહત્ત્વાકાંક્ષાઓને પોષવા ગમે તે હદે જવા તૈયાર થઇ જાય છે કયાંક તો વૈશ્યાવૃત્તિની હદ સુધી પહોંચી જાય છે. તેવા સંજોગોમાં પુરૂષ સમાજને દોષ દેવાય એમ નથી. ફિલ્મોમાં ગમે તેવા સીન કરવા કે ડાન્સ કરવા પણ ખચકાતા નથી. શોખ અને મહત્ત્વાકાંક્ષા હોવા એ સારી વાત છે. પણ ચારિત્ર્યના ભોગે કદાપિ નહીં.

આમ, મર્યાદામાં રહીને સ્ત્રીએ જીવન જીવવું અનિવાર્ય છે, નહિતર સીતા માતાનો કિસ્સો ઉદાહરણરૂપ છે જ ને? ભગવાન રામની પત્ની સીતા માતાએ તેમના દિયર લક્ષ્મણે દોરેલી લક્ષ્મણ રેખા પાર કરવાની ભૂલ કરી ને એનું પરિણામ શું આવ્યું? દ્રૌપદીએ મર્યાદા બહાર જઇને માત્ર એક વાક્ય ઉચ્ચાર્યું એમાં આખું મહાભારત સર્જાયું. આમ, મર્યાદા સ્ત્રીનું પ્રથમ આભુષણ છે. એના વિના સ્ત્રી શોભે જ નહિ...!

એના માટે સૌથી પ્રથમ પ્રયાસ માતાએ કરવાની જરૂર છે, પ્રથમ તો પોતે મક્કમ હોય તો દીકરીને જન્મ આપવાથી કોઇ એને રોકી ના શકે, બીજું, જન્મ પછી એના ઉછેરમાં જ એને સાર સંસ્કારની સાથે સાથે સમાજમાં હિંમતભરે જીવવાની તાલીમ આપે જેથી ભૂતકાળ બની ગયેલી ઝાંસીની રાણી કે મધર ટેરેસા આજે પણ જોવા મળે.